# નોટબંધીના ૫૦ દિવસ બાદ પણ નાગરિકોની મુશ્કેલી યથાવત

પાલનપુર, તા.૫

મોદી સરકારના નોટબંધીના ૫૦ દિવસની મુદત પુરી થયા બાદ પણ લોકોની મુશ્કેલીમાં કોઈ સુધારો થયો નથી જેને લઈને કોંગ્રેસે હવે નોટબંધી પર રાજનીતિ શરૂ કરી છે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા સમગ્ર રાજયમાં જિલ્લા લેવલે નોટબંધી પર ભાજપ સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યા હતા. આજે જિલ્લા મથક પાલનપુરમાં મુખ્ય સરકારી કચેરીના ગેટ આગળ જિલ્લા કોંગ્રેસે સભા યોજી હતી. આ સભામાં જિલ્લાના ધારાસભ્ય સહિત કોંગ્રેસ આગેવાનો હાજર રહ્યા હતા. જો કે કલેક્ટર કચેરીને નોટબંધીના ઘેરાવો કરવાની કોંગ્રેસે જાહેરાત કરી હતી. પરંતુ ચુસ્ત પોલીસનો બંદોબસ્ત જોઈને કોંગ્રેસે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ભાજપ સરકાર સામે નોટબંધી પર રાજનીતિ કરવાનો આજનો દિવસ પૂરો કર્યો હતો. છેલ્લા કેટલાય સમયથી રાજનીતીના કોઈ મુદા વગર કુંભકર્ણ જેમ સુતેલી કોંગ્રેસને મોદી સરકારે નોટબંધી પર ફરી જાગૃત કરી છે ત્યારે નોટબંધી બાદ હાલમાં ચાલી રહેલ મોદી સરકાર સામે જન આક્રોશ આગામી સમયમાં કોંગ્રેસને કેટલો ફાયદો થશે તે સમય જ બતાવશે. પરંતુ હાલમાં ભાજપ સરકારને ભીંસમાં લેવા માટે નોટબંધી મુદા એ કોંગ્રેસના રાજકારણને જીવંત કરી છે



## પીલુચાની કરાટે બાજ બાળકીને નેશનલ સ્કૂલ ગેમમાં બ્રોન્ઝ મેડલ

બનાસકાંઠા જીલ્લાના પીલુચા ગામના વતની મુકેશકુમાર એન. પરમારની સુપુત્રી પ્રાંજલબેન પરમારે ગત તા.૨૪/૧૨/૨૦૧૬ મી તા. ૨૯/૧૨/૨૦૧૬ દરમ્યાન ઈન્દ્રોર ખાતે યોજાયેલ ૬૨ ની નેશનલ કરાટે સ્કૂલ ગેમમાં અંડર-૧૪ માં બ્રોન્ઝ મેડલ મેળવી બનાસકાંઠા જીલ્લાનું તેમજ મોચી સમાજનું ગૌરવ વધારેલ છે.

## હુંજ ગામે યુવા ક્રાન્તી મંડળ ધ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

ભિલોડા,તા.૫

હિંમતનગર તાલુકાના હુંજ ગામમાં નવા વર્ષે ૨૦૧૭ ના પ્રથમ દિવસે હુંજ યુવા ક્રાન્તી મંડળ,ગામના ઉત્સાહી યુવાનો ધ્વારા રસ્તાઓ ઉપર અડચણરૂપ માટીના ઢગલા,કચરો દુર કરી ગામને સ્વચ્છ કરાવ્યું હતું. હુંજ ગામમાં તા.૩/૧/૨૦૧૭ ના રોજ સત્સંગ મેળાવડોમાં પુજય ગોપાલદાસ મહારાજ સત્સંગનો લાભ મળે તેમજ ગામની શોભા વધે તે અંતર્ગત સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છ ગામ,વાતાવરણમાં ભાવિક ભક્તો સત્સંગનોલાભ લઈ શકે તેવા ઉદ્દેશ સાથે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુંહતું.

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરીનો ઘેરાવ

### મોટી સંખ્યામાં કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરો ઉમટી પડ્યા : નોટબંધીના વિરોધમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

મોડાસા, તા. ૫

નોટબંધીના નિર્ણયને ૫૦ દિવસ પુરા થયા. ગોવામાં વડાપ્રધાને





સ્પષ્ટપણે જણાવ્યું હતું કે માત્ર ૫૦ દિવસ મને આપો. ૫૦ દિવસ પછી કોઈ પણ તકલીફ રૂપિયા મેળવવા થાય તો મને કહેશો તે ચોરાહા પર દેશની પ્રજા જે સજા કરશે તે સજા ભોગવવા તૈયાર છુ. ૫૦ દિવસ પછી તમે જેવો ઈચ્છો તેવો દેશ બની જશે. ૫૦ દિવસ પછી પણ દેશની જનતાને પડતી હાલાકી યથાવત રહેતા ઓલ ઈન્ડીયા કોંગ્રેસ સમિતી દ્વારા નોટબંધીનો ઉગ્ર વિરોધ કરવા અને દેશની જનતાના પડતર મુશ્કેલીઓ સત્વરે દૂર કરવા ઉગ્ર પ્રત્યાઘાતો આપવા ધરણા, રેલી વગેરે કાર્યક્રમો યોજવાની અગાઉ જાહેરાતના પગલે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા ગુરૂવારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કોંગ્રેસી આગેવાનોના નિર્દેશ હેઠળ અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીનો ઘેરાવ કરી નોટબંધીના વિરોધમાં જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર કચેરી કોંગ્રેસી કાર્યકરોના સુત્રોચ્ચારથી ગુંજી ઉઠી હતી.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા ગુરૂવારે યોજાયેલા કલેક્ટર કચેરીના ધરણા કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસીંહ રહેવર, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, મોડાસા-ધનસુરાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, ભીલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારા, અરૂણભાઈ પટેલ, વનરાજસીંહ રાઠોડ, જિલ્લા યુથ કોંગ્રેસના સદસ્યો સહિત જિલ્લા મહિલા કોંગ્રેસના અગ્રણી કુંવરબેન પ્રણામી, જ્યોત્સનાબેન પરમાર સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો ઉમટી પડી જિલ્લા કલેક્ટર કચેરીનો ઘેરાવ કરી કચેરી આગળ ધરણા યોજી ભાજપા સરકાર અને વડાપ્રધાન મોદી વિરૂદ્ધ સુત્રોચ્ચાર પોકારી અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીમાં હલ્લાબોલ કરી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને નોટબંધીના વિરૂદ્ધમાં આવેદન પત્ર આપી જિલ્લામાં નોટબંધીના પગલે નાણા મેળવવા પડતી હાલાકી અને જિલ્લાના પશુપાલકોને દૂધના પગાર બેંકોમાં અટવાતા તાત્કાલીક ધોરણે યોગ્ય પગલા ભરવાની ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયતના સદસ્ય રેવાભાઈ ભાંભી, ચિરાગ ઉપાધ્યાય, અમિત મકવાણા અને આનંદ પરમારે નોટબંધીના પગલે કાળા નાણા ધોળા નાણામાં રૂપાંતરિત કરનાર ઉદ્યોગપતિઓના નામ જાહેર કરવા અને ગામડાઓમાં નોટબંધીના પગલે પ્રવર્તી રહેલી મંદી અને ધંધા-રોજગાર ઠપ્પ થઈ જતા નોટબંધી નહિ દેશબંધી જેવી હાલત માટે દેશના વડાપ્રધાનને જવાબદાર ગણાવી ઉગ્ર રોષ ઠાલવ્યો હતો અને નોટબંધીનો સાચો ચિતાર મેળવવા ગ્રામ્ય વિસ્તારોની મુલાકાતનો ત્યાગ મેળવવા જણાવ્યું હતું.

## કાંકરેજ તાલુકા પંચાયતના અધિકારીઓનો વિદાય સમારંભ યોજાયો

શિહોરી, તા. ૫

કાંકરેજ તાલુકામાં પંચાયત સભાગૃહમાં આંતરીક બદલી પાત્ર વિસ્તરણ અધિકારી એચ.કે. રાવલ, ટીડીઓ કે.એમ. પરમાર અને નિવૃત્ત થતા કુરેશીભાઈનો વિદાય સમારંભ યોજાયો હતો.

આ વિદાય સમારંભમાં તાલુકા વિસ્તરણ અધિકારી એ.એમ. પટેલ તથા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા હાજર રહ્યા હતા અને બદલી પાત્ર અને ફરજ પૂર્ણ કરનાર અધિકારીઓની સેવાઓને બિરદાવી અને શાલ તથા શ્રીફળ આપી મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા.

## હુંજ ગામે ૭ વર્ષની બાળકીનો હડકાયા કુતરાએ કાન કરડી ખાધો

હિંમતનગર તાલુકાના હુંજ ગામમાં રાવળ વસાહતમાં કુતરાએ આતંક મચાવતાં આંગણામાં રમતી દેવયાનીબેન રાવળ ઉમર વર્ષ-૭ની માતા-પિતા વિનાની દાદીમા પાસે રહેતી બાળકીને એકા-એક હુમલો કરી હડકાયા કુતરાએ બાળકીનો કાન કરડી ખાતાં બાળકીને તાબડતોબ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. હડકાયા કુતરાના આતંકથી આખાય ગામ પંથકમાં ઓહાપો મચી જવા પામ્યો હતો.



**અમદાવાદ ખાતે 'સાધના' સાપ્તાહિકના હિરક જયોતિ મહોત્સવની ઉજવણી**

ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતા અને સત્યસભર રસપ્રચુર અહેવાલો પીરસી વાંચકોના પ્રિય બનેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના 'સાધના' સાપ્તાહિકનો ષષ્ટિપૂર્તિ કાર્યક્રમ ગત રવિવારે અમદાવાદ ખાતે સંઘના સરસંઘ ચાલક ડૉ. મોહનજી ભાગવતની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં 'સાધના' સાપ્તાહિકના પ્રચાર પ્રસારમાં સહયોગી બનેલા ૨૧ જેટલા કાર્યકર્તાઓનું વિશિષ્ટ સન્માન કરી સાધના સાપ્તાહિકની ગૌરવગાથા રજુ કરતા સ્મરણીય ગ્રંથનું પણ વિમોચન કરાયું હતું.

# ટોરડા ગામે દેના બેંક શાખામાં નાણાં મેળવવા હજુય ભારે ભીડ

ભિલોડા,તા.૫

ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર બેંકોમાં અને ટોરડા ગામમાં દેના બેંક શાખામાં નાણાં મેળવવા હજુય લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં વયોવૃધ્ધ પેન્શનરોને ભારે મુંઝવણ પડી રહી છે. ટોરડા દેના બેંક શાખામાં નાણાં મેળવવા હજુય લોકોની ભારે ભીડ જામી છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં વયોવૃધ્ધ પેન્શનરોને ભારે હાલાકી સહન કરી રહ્યા છે. વયોવૃધ્ધ પેન્શનરો કલાકોના કલાકો સુધી લાંબી-લાંબી કતારોમાં ઉભા ઉભા થાકે છે ત્યારે માંડ માંડ નંબર આવવાની તૈયારીમાં હોઈ અને બુમ સંભળાય કે બેલેન્સ નથી. કાલે આવજો નોટ બંધીના ૫૮મા દિવસે પણ ઠેર-ઠેર ગ્રામિણ વિસ્તારોમાં બેંકો આગળ લાઈનો યથાવત છે. અંતરીયાળ ગામ્ય વિસ્તારોમાં પ્રજાજનો નાણાં મેળવવા દુર-દુરથી આવી નાણાંની જગ્યાએ મોટા ભાગના પ્રજાજનોને ધરમ ધક્કા ખાઈ ઘરે પરત જઈ રહ્યા છે. ટોરડા પંથકમાં ૧૫ થી વધારે ગામોના ખેડુતો, અરજદારો, પેન્શનરો નાણાં મેળવવા માટે લાંબી કતારોમાં ઉભા એંધાણ વર્તાઈ રહ્યા છે. ભિલોડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં બેંકોના એ.ટી.એમ. મશીનો શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે. એક તરફ બેંકોમાંથી ગ્રાહકોને



છે. દેના બેંકમાં પુરતા નાણાં આવતા નથી ત્યારે ગ્રાહકોને નાણાં મેળવવામાં ભારે મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો છે. જાગૃત બેંકોના ગ્રાહકોએ બેંકો ધ્વારા સત્વરે પુરતા નાણાં આપવામાં નહી આવે તો બેંકો આગળ ભારે ભીડ જામશે તેવા રૂા.૧૦/-સિક્કા પધરાવવામાં આવે છે ત્યારે બજારોમાં અમુક વેપારીઓ રૂા.૧૦/-સિક્કા કોઈ પણ ચીજવસ્તુ આપવા તૈયાર નથી તેમ લોક મુખે ચર્ચાય છે. રૂા.૧૦/-ના સિક્કા ડુપ્લીકેટ હોવાની અફવાએ ભારે જોર પકડ્યું છે.

# કાંકરેજના આરોગ્ય વિભાગમાં ઘટતા મહેકમને પગલે કથળતી આરોગ્ય સેવા

કાંકરેજ, તા. ૪

કાંકરેજ તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી આરોગ્ય સેવા કથળી જવા પામી છે. લાંબા સમયથી તાલુકા હેલ્થ ઓફીસર સહિત ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરોની જગ્યા ખાલી છે. આમ છતાં વહીવટીતંત્રનું પેટનું પાણી હાલતુ નથી.

કાંકરેજ તાલુકામાં એન.આર.એસ.એમ.ની ગ્રાન્ટોમાં લાખો રૂપીયાનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. કેટલાક કિસ્સાઓમાં સાચા લાભાર્થીઓ સુધી સરકારની સહાય પહોંચતી ન હોવાની બુમરાડ ઉઠવા પામી છે. શિયાળો જામી રહ્યો છે ત્યારે અપડાઉનીયા આરોગ્ય કર્મચારીઓના કારણે બોગસ તબીબોના દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. જ્યારે બોગસ તીબોબ ખુલ્લેઆમ બેરોકટોક દર્દીઓની એલોપેથીક દવા કરી દર્દીઓના આરોગ્યને જોખમમાં મુકી રહ્યા છે. તેમ છતાં આરોગ્ય તંત્રના નજરે તાલુકાના આવા બોગસ તબીબો ચઢતા નથી. તે વાત નવાઈ ઉપજાવે છે. તાલુકાના કેટલાય આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ ગુલ્લી મારી ફરજ પર ગેર હાજર રહેતા હોય છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર કે કલેક્ટર બનાસકાંઠા ઓચીંતી મુલાકાત લઈ આવા ફરજ પ્રત્યે નિષ્ક્રિય કર્મચારીઓને નોટીસ પાઠવે તેમજ પોતાની ફરજના સ્થળે ચોવીસ કલાક હાજર રખાવે તેવુ લોકો ઈચ્છી રહ્યા છે. સમગ્ર આરોગ્ય તંત્ર જાણે કે આશા વર્કરો અને આંગણવાડી કાર્યકરો દ્વારા ચાલતુ હોય તેવું લાગી રહ્યું છે.

કાંકરેજ તાલુકામાંથી નશબંધીના ઓપરેશનો જિલ્લા બહાર રાધનપુર લઈ જવાતા હોવાનું તેમજ તેમની લેબોરેટરી થરા ખાતે કરાવવાની કામગીરી આવા લાભાર્થીઓ અને તેમની સાથે આવનારા લોકોને ઘણી હાડમારીઓ સહન કરવી પડે છે. આવા કેસોને રાધનપુર લઈ જતી વખતે જે તે દવાખાનાની ગાડીઓની નોંધ બુકમાં રાધનપુરના કિલોમીટરો શુ ખરેખર દર્શાવવામાં આવે છે ખરા ? આમ વર્ષોથી એકજ તાલુકામાં ફરજ બજાવતા કર્મચારીઓને ફરજ પ્રત્યે સક્રિય કરવામાં આવે તે ઈચ્છનીય છે. કેટલાક આરોગ્ય કર્મચારીઓ લાંબા અંતરથી કંશેશન પાસ કઢાવી બિંદાસ્ત અપડાઉન કરી રહ્યા છે. ત્યારે કાંકરેજ તાલુકામાં આરોગ્ય સેવાને સઘન નહિ બનાવાય તો રોગચાળો ફાટી નિકળવાની ભીતિ સેવાઈ રહી છે.

## કંથારપૂરમાં ફીઝીયોથેરાપી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના સુપ્રસિદ્ધ પર્યટન સ્થળ કંથારપૂરમાં શ્રી સત્ય સાંઈ સેવા સમિતિ ગાંધીનગર દ્વારા ફીઝીયોથેરાપી કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સભ્યો ખડેપગે રહી સેવાકાર્યને મહત્વ આપ્યુ હતુ. સવારે ૯ થી ૧૨ દરમ્યાન ચાલેલા આ કેમ્પમાં ગ્રામજનોએ વ્યવસ્થા કરી હતી. હાથ, પગ, કમર તથા સાંધાના દુઃખાવાની ફરીયાદો અંગે ડૉ. સંકેત



રવિવારના રોજ યોજાયેલ આ કેમ્પમાં કંથારપૂર તથા આજુબાજુના ગામના વીસ જેટલા દર્દીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં સમિતિના સભ્ય ડૉ. સંકેત મહેતાએ નિઃશુલ્ક દર્દીઓને તપાસી જરૂરી સારવાર કરી યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. વધુમાં પર્યટન સ્થળે પધારેલા યાત્રાળુઓએ પણ આ કેમ્પનો લાભ મેળવ્યો હતો. સમિતિના નવ જેટલા મહેતાએ કસરત તથા જરૂરી સારવાર અંગેની સલાહ આપી સ્થળ ઉપર જ દર્દીઓને પ્રાથમિક તબક્કામાં ઘરે કરવાની પ્રવૃત્તિ અંગેની વિસ્તૃત જાણકારી પુરી પાડતા હાજર દર્દીઓમાં સંતોષની લાગણી પ્રસરી હતી. સત્ય સાંઈ સેવા સમિતિ દ્વારા વિવિધ સેવા કાર્યો ગાંધીનગર તથા જિલ્લામાં કરવામાં આવે છે. જેના ભાગરૂપે આ કાર્ય કરવામાં આવ્યુંહતું.

# પિલવાઈ કોલેજમાં અભિવાદન અને ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૫

શ્રી યુ.પી. આર્ટસ, શ્રીમતી એમ.જી. પંચાલ સાયન્સ અને શ્રી વી.એલ. શાહ કોમર્સ કોલેજ,



પિલવાઈ (તા. વિજાપુર) વિદ્યાસંકુલમાં તાજેતરમાં ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળના નિવૃત્ત પ્રમુખ શેઠ વસંતલાલ વ્રિજલાલ શાહનો અભિવાદન સમારોહ તથા પુષ્પાવતી હરિકૃષ્ણ પંચાલ સેમીનાર હોલનો ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો.

શેઠ વસંતલાલ વ્રિજલાલ શાહે ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ પિલવાઈમાં વર્ષો સુધી ઉપપ્રમુખપદે અને ત્યારબાદ છેલ્લા ચૌદ વર્ષ સુધી પ્રમુખ તરીકે અવિસ્મરણીય સેવા આપીને સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી હતી. શેઠે આપેલા માતબર દાનને લીધે કોમર્સ કોલેજનું નામકરણ વ્રિજલાલ લલ્લુભાઈ શાહ કોમર્સ કોલેજ એમના પિતાના નામે કરવામાં આવ્યું છે. આવા દાનવીર અને કેળવણી મંડળના દુરંદેશી પ્રમુખની સેવાઓને બિરદાવવા માટે એક અનોખો અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. વિજાપુર તાલુકાના ધારાસભ્ય પી.આઈ. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ સમારોહમાં સંસ્થાના પૂર્વ આચાર્યો જે.ડી. તલાટી, જે.એમ. દરજી, કુમારી હસુબહેન મહેતા તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ ઉપકુલપતિ અને કાર્યકારી કુલપતિ ડૉ. દિપુબા દેવડાની ખાસ ઉપસ્થિતિ નોંધપાત્ર બની હતી. કેળવણી મંડળના સુત્રધારોએ નિવૃત્ત પ્રમુખનું હર્ષોલ્લાસપૂર્ણ અભિવાદન કરીને તેમને શાલ, સન્માનપત્ર અને સ્મૃતિ ચિહ્નથી સન્માનિત કર્યા હતા.

આ જ દિવસે નવનિર્મિત પુષ્પાવતી હરિકૃષ્ણ પંચાલ સેમીનાર હોલનું ઉદ્‌ઘાટન સંસ્થાના પ્રમુખ અને સેમિનાર હોલના દાતા હરિકૃષ્ણ ગોવિંદરામ પંચાલે કર્યું હતું.

સંસ્થાના આચાર્ય ડૉ. સંજય એસ. શાહે સંસ્થાનો પરિચય અને પ્રગતિની રૂપરેખા આપી હતી. જ્યારે મંત્રી અને ટ્રસ્ટી હિંમતસિંહ વિહોલે આભારદર્શન કર્યુ હતું.

# પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલ ખાતે વાર્ષિકોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે આવેલ કેળવણી મંડળ







સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના ભુલકાઓ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાંગ લીધો હતો.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ અવરઓન હાઈસ્કૂલ ખાતે સોમવાર અને મંગળવારના રોજ બેદિવસ્ય વાર્ષિકોત્સવ યોજાયો હતો જેમાં તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, કેળવણી મંડળના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી, નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, ભરતભાઈ ફડીયા, શાળાના આચાર્ય પરેશભાઈ પરમાર, દિપકભાઈ મહેતા, રેખાબેન ગુપ્તા વગેરે ઉપસ્થિત રહ્યા હતાં અને દિપપ્રાગટય કરી સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

જયારે બે દિવસ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકો દ્વારા મ્યુઝિકલડાન્સ, અભિનય ગીત, દેશભકિત ગીત, ડાન્સ, નાટક, હોલીગીત, રાષ્ટ્રીયગીત, ફિલ્મી ગીત, ગરબા સહિત કાર્યક્રમોમાં ભાગ લઈ બહારથી આવનાર મહેમાનો તથા પ્રેક્ષકો વાલીઓના દિલ જીતી લીધાં હતાં. અને શાળાનાં શિક્ષકોની મહેનત તથા બાળકોની અંદર રહેલ કલા અને કલાકારોએ રંગ જામ્યો હતો જયારે આ કાર્યક્રમનું સફળ સંચાલન એલાઉન્સમેન્સ પવનબેન પટેલ, આરતીબેન મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.